## જન્મદિને વધામણી



દશ્ય કે મકવાણા
મો. ૯૬૩૮૨ ૩૪૧૬૬



ભૂમિ
નરેન્દ્રકુમાર શ્રીમાળી
મો. ૭૯૯૮૪ ૯૧૧૯૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## રાજપૂત સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર રાજપૂત સમાજ ગાંધીનગર અને જિલ્લા સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શહેર અને જિલ્લામાં વસતા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ તા. ૬ ઓગષ્ટના રોજ રાજપૂત ભવન, સે-૧૨ ખાતે યોજાશે

શહેર અને જિલ્લામાં વસતા રાજપૂત સમાજના ધો-૧થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક અથવા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ અને વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કર્યાની વિગતોની નકલ પોતાના નામ-સરનામા સાથે તા. ૨૬-૭-૨૦૧૭ સુધીમાં રાજપૂત ભવન સે-૧૨-ગાંધીનગર ખાતે જમા કરાવવા મહામંત્રી પ્રદીપસિંહ બિહોલાએ જણાવ્યું છે.

# જીઆઈપીએસમાં શનિવારે ઈન્વેસ્ટીચર સેરેમની યોજાયો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શનિવારે ઈન્વેસ્ટીચર સેરેમની યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનું નેતૃત્ત્વ કરતા હેડબોય, હેડગર્લ, સ્પોર્ટ્સ કેપ્ટન, હાઉસ કેપ્ટન્સ અને દરેક ક્લાસના મોનિયરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ સમારંભનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલા નેતૃત્વના ગુણો વિકસાવવાનો અને તેમનો ઉત્સાહ વધારવાનો હતો. આ કાર્યક્રમમાં વાલીગણની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને બેઝ પહેરાવી જવાબદારી આપવામાં આવી હતી અને સંસ્થાના ટ્રસ્ટી, ડિરેક્ટરે પોતાના પ્રવચનમાં શિસ્તના મહત્ત્વ વિશે વાત કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીગણ, શિક્ષકો અને સ્કૂલ મૅનેજમૅન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં સાઉન્ડ સિસ્ટમનો પ્રથમ સેમિનાર ગાંધીનગરમાં સંપન્ન



ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત સાઉન્ડ સિસ્ટમ અંગેનો સેમિનાર ૧૯થી ૨૩ જુલાઈ દરમિયાન ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં થિયરી ઉપરાંત પ્રેક્ટિકલ માધ્યમથી પણ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. ગાંધીનગર, પાટણ, પ્રાંતિજ, ચિલોડા, પાલજ, દહેગામથી આવેલા તાલીમાર્થીઓએ આ તાલીમમાં ભાગ લીધો હતો. ગાંધીનગરના ખ્યાત સાઉન્ડ આર્ટીસ્ટ નરેશ દવે, જય દવે દ્વારા આ તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવી હતી. સેમિનાર પૂર્ણ થયે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે નરેશ દવે દ્વારા પોતાની સફળ ગાથાને યાદ કરવામાં આવી હતી અને એમાં જોડાયેલાં પાત્રોને ઉપસ્થિત રાખી એમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ ઘટના વખતે તેઓ ભાવવિભોર થઈ ગયા હતા.

# બૅન્ક ઑફ બરોડાના ૧૧૦મા સ્થાપના દિવસ નિમિત્તે મ્યુઝીકલ નાઈટ કાર્યક્રમ



બૅન્ક ઑફ બરોડાના ૧૧૦મા સ્થાપના દિવસ નિમિત્તે બૅન્ક પરિવાર દ્વારા સ્મિત મ્યુઝિકના ઉપક્રમે મ્યુઝીકલ નાઈટનું આયોજન ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. સ્મિત મ્યુઝીકના કલાકારો સાથે બૅન્ક પરિવારનાં બાળકો, કર્મચારીઓએ પણ ગીત, સંગીત અને ડાન્સની મહેફિલ જમાવી હતી. આ પ્રસંગે બૅન્કના ઍમડી હસમુખ પટેલ ઉપરાંત એજીઍમ પણ પધાર્યા હતા.

### કલાગુર્જરી, ગાંધીનગર અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના સંયુક્ત ઉપક્રમે

# ‘સૂર સાગરની સફરે’ નામક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




કલાગુર્જરી, ગાંધીનગર અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના સંયુક્ત ઉપક્રમે ‘સૂર સાગરની સફરે’ શીર્ષક હેઠળ એક સાંસ્કૃતિક કાર્યક્રમ શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈના સૂર-સંગીતના સથવારે ગઝલ, સૂફી, યાદગાર ફિલ્મી, ગુજરાતી વગેરે ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મિહિર જાની, અર્ચિત પાટડીયાએ એમને સૂરોનો સાથ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેપ્પી ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં હરિયાણા સરકારે રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા કયા રાજ્યવ્યાપી કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે?
(એ) પઢેગા હરિયાણા
(બી) સક્ષમ હરિયાણા
(સી) સાક્ષર હરિયાણા
(ડી) શિક્ષિત હરિયાણા

(૨) ૨૦૧૭માં ભારતે વિશ્વના કયા દેશના ગામમાં વીજળી પહોંચાડવા સોલાર પરિયોજનાનો આરંભ કર્યો છે?
(એ) બ્રાઝીલ
(બી) કોંગો
(સી) સિરીયા
(ડી) મિશ્ર

(૩) ૨૦૧૭માં કયા દેશની નૌસેનાએ લેઝર હથિયાર પ્રણાલીનું સફળ પરિક્ષણ કર્યું હતું?
(એ) અમેરિકા
(બી) ચીન
(સી) ઉત્તર કોરિયા
(ડી) રશિયા

(૪) ઉત્તર પ્રદેશ સરકારે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યની માધ્યમિક શાળાઓમાં ‘આઓ અંગ્રેજી સીખેં’ કાર્યક્રમ કઈ સંસ્થાના સહયોગથી કર્યો છે?
(એ) ચાઈલ્ડ કેઅર
(બી) બચપન બચાવો
(સી) યુનિસેફ
(ડી) યુનેસ્કો

(૫) ૨૦૧૭માં પાકિસ્તાન દેશમાં કઈ હાઈકોર્ટે ભારતીય સિરીયલ પરનો પ્રતિબંધ હટાવી લેવાની ઘોષણા કરી છે?
(એ) રાવલપિંડી
(બી) કરાચી
(સી) ઈસ્લામાબાદ
(ડી) લાહોર

(૬) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે પૂર્વોત્તર વિસ્તારના કયા પૂર પ્રભાવિત રાજ્યને ૧૦૩ કરોડ રૂપિયાની સહાય આપવાની મંજૂરી આપી છે?
(એ) અરૂણાચલ પ્રદેશ
(બી) સિક્કીમ
(સી) અસમ
(ડી) ત્રિપુરા

(૭) ૨૦૧૭માં બી.સી.સી.આઈ. દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના મદદનીશ બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે?
(એ) એમ એસ ધોની
(બી) કપિલ દેવ
(સી) સૌરવ ગાંગુલી
(ડી) સંજય બાંગર

(૮) ૨૦૧૭માં વિશ્વના કયા દેશે ૧૫ હજારથી વધારે એચટુબી વિઝા આપવાની જાહેરાત કરી છે?
(એ) ઓસ્ટ્રેલિયા
(બી) અમેરિકા
(સી) ઈંગ્લેન્ડ
(ડી) કેનેડા

(૯) ૨૦૧૭ વિશ્વ પૅરા એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં પુરૂષ વર્ગમાં ક્લબ થ્રો સ્પર્ધામાં કયા ભારતીય ખેલાડીએ સિલ્વર મેડલ જિત્યો હતો?
(એ) અમિતકુમાર સરોહા
(બી) અખિલ કુમાર
(સી) મનોજ સિંહ
(ડી) મરિયપ્પન થાંગાવેલુ

(૧૦) ૨૦૧૭માં ઍનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કોના નામની જાહેરાત કરવામાં આવી છે?
(એ) મુરલી મનોહર જોષી
(બી) ઍલ કે અડવાણી
(સી) વૈંકૈયા નાયડુ
(ડી) ચંદ્રાબાબુ નાયડુ

# એક પા લોહીના કોગળા અને બીજી પા પ્રીતના ઘૂંટડા

વિશ્વમાં પ્રકાશિત થયેલા પ્રત્યેક પુસ્તકમાં માનવીય જીવનમાં ઉપયોગી સકારાત્મક વિચાર મોટાભાગે હોય જ... જેવી દષ્ટિ તેવી સૃષ્ટિના ન્યાયે.

મારા પરમ પૂજનીય પિતાશ્રી સ્વ. મધુસૂદન પ્રા ભટ્ટ આ દૈનિક ગાંધીનગર સમાચારના સુપ્રસિધ્ધ લેખક હતા જ, તેઓશ્રીના ૧૮થી પુસ્તકો પ્રકાશિત થયા છે જ.

અત્યારે વર્તમાનમાં મારા પર પૂજનીય કાકાશ્રી સુરેશ પ્રા ભટ્ટ આ દૈનિકમાં સુપ્રભાતમના લેખક છે જ. તેમના પણ ૮થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. હજુ થતાં રહેશે. મારા શ્રી ધીમંતકાકા પણ લઘુવાર્તા લખે છે. વાર્તા સ્પર્ધામાં ભાગ લે છે અને પુરસ્કાર પણ પ્રાપ્ત કરે છે.

આ મારી કુળ પરંપરા. નાનપણથી જ પેન-પેપર સાથે રમીને મોટી થઈ. તેથી જ સાવ સ્વાભાવિક છે કે પુસ્તક પ્રેમ હોય જ.

કોઈ એક જ પુસ્તકને પ્રિય પુસ્તક કહેવું કઠિન છે જ. તીર્થરૂપ પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીના પ્રત્યેક પુસ્તક પ્રિય છે.

આજે વાત કરવી છે મુંબઈ સમાચાર દૈનિકના કટાર લેખક શ્રી મુકુંદભાઈ શાંતિલાલ ઠાકરના પુસ્તક ‘દૈવી સંતાન’ની.

આ જ કાળના પાયાની વાત એટલે ‘દૈવી સંતાન.’ સમાજની સગર્ભા દીકરીઓએ પોતાના ગર્ભસ્થ શિશુને દૈવી બનાવવા માટે સાવ સરળ ને સહજ સ્વીકારાય તેવું આ પુસ્તક. સાવ નાનકડું પુસ્તક. માત્ર ૨૬ પાનાના આ પુસ્તકમાં લેખકે વેદો, ઉપનિષદો, સ્મૃતિગ્રંથોનો સંદર્ભ લઈ સંસ્કારોના વારસાને દીપાવવા સુંદર પ્રયાસ કર્યો છે. ‘હે પરમાત્મા, મને તમારો લાડકો દીકરો બનાવો’ એ વાક્યને સાર્થક કરવા લેખકે અથાગ પુરુષાર્થ કર્યો છે. માટે જ મને આ પુસ્તક ગમે છે ને શક્ય હોય ત્યાં અચૂક સગર્ભા દીકરીને આ પુસ્તક વાંચવા હું આગ્રહ કરું છું.

**- મનીષા નૌતમલાલ ત્રિપાઠી**
**સેક્ટર-૨૩**

‘ટોલ્સટોય અને શિક્ષણ’ એ પુસ્તક મને ખૂબ ગમ્યું છે અને મારૂ પ્રિય પુસ્તકો પૈકીનું તે એક છે. અર્નેસ્ટ ક્રોસબીએ ટોલ્સટોયના કેળવણી વિષયક વિચારો અને પ્રયોગોનો અભ્યાસ કરીને આ પુસ્તક લખેલું છે. તેનો ગુજરાતીમાં અનુવાદ પાંડુરંગ વિઠ્ઠલ વળામેએ કર્યો છે. ઋઢિવાદી શિક્ષણપ્રથામાં ટોલ્સટેયો જે અખતરા કર્યા છે તેનાથી કેળવણીના રૂઢ લોકોને તે કેળવણીનું નખ્ખોદ વાળવા બેઠો હોય તેવું લાગે છે અને જેને આજ સુધી તેઓ કેળવણી સમજતા આવ્યા છે તેની અવેજીમાં ટોલ્સટોય રજૂ કરે છે તેને કેળવણી કહેવાય કે કેમ તે વિશે એમને શંકા છે.

ટોલ્સટોયે શિક્ષણશાસ્ત્ર ઉપરના સર્વોત્તમ ગ્રંથો ધ્યાનપૂર્વક વાંચેલા હતા. તેમજ યુરોપની પ્રખ્યાત શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓ તેઓ જોઈ આવ્યા હતા. તેમના વિચારોની અસર ખ્યાતનામ અને શિષ્ટ કેળવણીકારો પર પણ પડેલી છે અને તેમના સિદ્ધાંતો હવે શિક્ષણજગતમાં પણ સ્વીકૃતિ પામી ચૂક્યા છે. તેથી તેઓના સિદ્ધાંતોને ઊંટવૈદું તો હરગિઝ ન કહી શકાય પણ તેઓનો અનુભવ, અભ્યાસ અને મનોમંથનની જ નિષ્પતિ છે.

ટોલ્સટોયે પોતાના ગામડામાં ત્યાંની દૂબળા ભીલ જેવી કોમના છોકરાઓ માટે એક નિશાળ શરૂ કરી હતી અને તે વખતના પોતાના અનુભવે તેમણે નોંધી રાખી જાહેર કર્યા હતા. એ અખતરાના વર્ણનથી આ પુસ્તકની શરૂઆત થાય છે. આ પુસ્તકમાં તેમણે રજૂ કરેલા કેટલાક વિચારો મને ગમ્યા છે તે અત્રે પ્રસ્તુત કરું છું.

તેઓ એવું માનતા હતા કે બાળકો પણ વિચારશીલ અને સમજુ હોય છે તેથી બહારથી કોઈ વ્યવસ્થા તેમના પર લાદવી ન જોઈએ. વ્યવસ્થા આવશ્યક છે એ તેઓ પોતાની મેળે જ શોધી લે છે. જ્યારે બે વિદ્યાર્થીઓ ઝઘડે છે ત્યારે તેમના ન્યાયાધિશ બની તેમને સજા કરવાની વૃત્તિ જ વધારે ખરાબ છે એમ જોયા પછી કોઈપણ દરમ્યાનગીરી કરવાને બદલે છોકરાઓના ઝઘડા પોતાની મેળે જ પતી જાય એ જ વધારે હિતકર છે એમ તેઓ માનતા. શિક્ષા કરવા વિશે તે એવું માનતા હતા કે આત્માના કેટલાંક રહસ્યો છે, માત્ર જીવન જ તેમને ફેરવી શકે તેમ છે. ઠપકા અને શિક્ષાઓથી કંઈપણ વળે તેમ નથી. વેરને દંડનું નામ આપ્યું કે યોગ્ય થયું એવા સિદ્ધાંતમાંથી બાળદુનિયાને બચાવવી જોઈએ. શિક્ષણ પદ્ધતિ વિશે તેમણે કહ્યું છે કે જે પદ્ધતિ વિદ્યાર્થીને સંતોષ આપે તે પદ્ધતિ સારી છે અને વિદ્યાર્થીઓને સંતોષ આપવા માટે તેમના અંદર રહેલી ભિન્નતા અને તેમના નૈસર્ગિક વલણ તરફ ધ્યાન આપવાની જરૂર છે. વ્યાકરણ શીખ્યા વિના પણ જો ભાષા બરાબર બોલી શકાતી હોય તો વ્યાકરણની કિંમત માત્ર માનસિક કવાયત પૂરતી જ છે. તેઓ કહેતાં કે જેમ અંકુશ ઓછો તેમ શાળા વધારે શાળી. છોકરાઓના રખડેલપણા માટે ટોલ્સટોય વિદ્યાર્થી કરતાં શિક્ષકને જ વધારે જવાબદાર ગણે છે. કારણ કે શિક્ષકે સાળાના વધારે આકર્ષક બનાવવી જોઈતી હતી. ટોલ્સટોય માને છે કે જાગ્રત અવસ્થાના સોળ કલાકમાંથી અડધા કેળવણી માટે આપવા જોઈએ. વચમાં વિશ્રાંતિ અને રમતગમત માટે થોડો સમય રાખવો જોઈએ. જ્ઞાનપ્રાપ્તિની સાથે સાથે તેઓ પોતાની જાત માટે, કુટુંબ માટે અને બીજાઓ માટે કામ કરવું, કચરો કાઢવો, બધી વસ્તુઓ વ્યવસ્થિત રાખવી, રાંધવું, લાકડાં ચીરવાં વિગેરેનો સમાવેશ કરે છે.

**- નરેશ પંડ્યા**
**સેક્ટર-૩ એ**

મને ગમતું પુસ્તક ‘મળેલા જીવ’ છે. આ પુસ્તક પન્નાલાલ પટેલ લિખિત છે. આ પુસ્તક માનવસહજ હૃદયની પીડાઓ વ્યક્ત કરતું એક હૃદયસ્પર્શી પુસ્તક છે. ઈડરિયા પ્રદેશની આ વાર્તા છે. આ વાર્તામાં ત્યાંનું સામાજીક વાતાવરણ, ત્યાં ભરાતા મેળા, ત્યાં ઉજવાતા તહેવારો તેમજ ત્યાંના નાના-મોટા પ્રસંગોનું આબેહૂબ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ કથામાં જે મેળાઓનું વર્ણન છે તે તો આપણને ત્યાં જ પહોંચાડી દે છે. આપણને એવો ભાસ થાય કે આપણે ખુદ એ અનુભવી રહ્યા છીએ.

આ કથામાં ગામડાની તળપદી બોલી, ત્યાં ગવાતાં ગીતોનું સુંદર નિરૂપણ થયું છે.

આ પુસ્તકમાં અમર પાત્રો બની ગયેલા જીવી અને કાનજીની પ્રેમકથાનું વર્ણન છે. આ પ્રેમકથા એ પંદર જ મહિનાની છે પણ આ સમયગાળામાં બંને પ્રેમીઓની આંતરિક અને માનસિક વ્યથાઓ દર્શાવી છે. તેમાં માનવજીવનની ચંચળતા અને કરુણતા છતી થાય છે. પ્રેમના વિશ્વાસ પર નીકળી પડેલી નાયિકાની આંતરવેદના એ નાયકથી છૂપી નથી છતાં પણ બંને મર્યાદામાં રહીને ઝૂર્યા કરે છે. કબીજા પર અતૂટ ભરોસામય પ્રેમ, વિયોગની વેદના, આપેલો ભોગ, પ્રેમપ્રતિક્ષા વગેરે પ્રસંગોનું લેખકે એવું આલેખન કર્યું છે કે વાચકના દિલમાં સોંસરવું ઊતરી જાય છે. વાર્તાના અંતમાં ગાંડીઘેલી જીવીને કાનજી એની સાથે લઈ જાય છે. તે સમાપ્તિ પ્રસંગ હર્ષમય બનાવી દે છે. તે વખતે વાર્તામાં આવતું ભગત નામનું પાત્ર બોલી ઊઠે છે, ‘એક પા લોહીના કોગળા અને બીજી પા પ્રીતના ઘૂંટડા’. આ સાહિત્યનું યાદગાર વાક્ય છે.

આ વાર્તા એ ફક્ત કાનજી અને જીવી પૂરતી સીમિત નથી, આ પ્રેમવેદના એ સમગ્ર સમાજની સંવેદન કથા છે. દરેક માનવને સ્પર્શી જાય તેવું રસમય આ પુસ્તક છે.

**- કિરણ દવે**
**સેક્ટર-૪ એ**

